# અડાલજ પાસે નર્મદા કેનાલમાં ત્રણના આપઘાત

## ખોરજ અને અડાલજ કેનાલમાંથી બપોરે બે પરિણીત યુવાનોના મૃતદેહ મળ્યા : પ્રૌઢનો મૃતદેહ મળ્યાને બે દિવસ બાદ પણ ઓળખ થઈ શકી નથી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક આવેલા અડાલજ વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી બે દિવસમાં ત્રણ વ્યક્તિઓના મૃતદેહ મળી આવ્યા છે. ગઈકાલે મળી આવેલા આશરે ૫૫ વર્ષના પ્રૌઢની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. જ્યારે આજે બપોરે મળેલા બે યુવાનના મૃતદેહ બહાર કાઢી તપાસ કરતા બન્ને અમદાવાદ વિસ્તારના હોવાનું બહાર આવ્યું છે. બન્ને પરિણીત યુવાનો હતા. અડાલજ પોલીસે ત્રણેય અકસ્માત મોતના ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી છે જો કે હજુ સુધી આપઘાતના કારણ બહાર આવ્યા નથી.

ગઈકાલે સમી સાંજે આશરે ૫૫ વર્ષના પ્રૌઢની અડાલજ નર્મદા કેનાલમાંથી લાશ મળી આવી હતી. અડાલજ પોલીસ મૃતદેહ બહાર કઢાવી તપાસ કરી પરંતુ તેની પાસેથી ઓળખ છતી થાય તેવા કોઈ જ પુરાવા મળી આવ્યા ન હતા. બિનવારસી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી તેની ઓળખવિધિ તથા વાલીવારસની શોધખોળ માટે અડાલજ પોલીસે તપાસ શરૂ કરી છે. દરમ્યાન આજે પણ અડાલજ પાસેથી પસાર થતી કેનાલમાંથી વધુ બે મૃતદેહ તરતા મળી આવ્યા છે.

ગઈકાલે સાંજે ઘરેથી બાઈક લઈને નિકળી ગયેલા અમદાવાદના છારોડી વિસ્તારનો બે સંતાનનો પિતા ૩૦ વર્ષિય દિલીપજી રમણજી ઠાકોર ઘરે પરત ન પરતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. દરમ્યાન અડાલજ કેનાલના પુલ પાસેથી તેનું બાઈક મળી આવ્યુ હતું. આજે બપોરના સુમારે તેનો મૃતદેહ તરતો દેખાઈ આવ્યો હતો. દિલીપજીના ભાઈએ પોલીસને જાણ કરતા અડાલજ પોલીસે મૃતદેહ બહાર કાઢી આપઘાતનું કારણ જાણવા તજવીજ શરૂ કરી છે. તે ઉપરાંત ખોરજ નર્મદા કેનાલમાંથી ૪૦ વર્ષીય અરવિંદભાઈ મંગાભાઈ પટણીનો તરતો મૃતદેહ આજે સાંજે મળી આવ્યો હતો. ખોરજમાં રહેતા અરવિંદભાઈના સસરા રણછોડભાઈએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ત્રણેય આપઘાતની તપાસ શરૂ કરી છે.



### ભાજપ યુવા મોરચા દ્વારા વૃક્ષારોપણ યોજાયું

ભારતીય જનતા યુવા મોરચો, ગાંધીનગર મહાનગર દ્વારા તાજેતરમાં વૃક્ષારોપણનો પર્યાવરણ લક્ષી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભાજપના યુવા કાર્યકરો આ પ્રસંગે હાજર રહ્યા હતા અને વૃક્ષોનું જતન કરવાની ખેવના વ્યકત કરી હતી. ભાજપ યુવા મોરચા દ્વારા વર્ષાઋતુના આગમન ટાણે વૃક્ષારોપણનો કાર્યક્રમ ચ-૬ સર્કલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો હતો. યુવા મોરચાના પ્રમુખ ઉરેન પટેલની સાથે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેર પ્રમુખ નીતિનભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશિષભાઈ દવે, ડેપ્યુટી મેયર સુભાષભાઈ પાંડવ, પૂર્વ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ અને સર્વે કાર્યકર્તાઓ, હોદ્દેદારોએ હાજરી આપી હતી તથા વૃક્ષોનું જતન કરવાના સોગંધ લીધા હતા.



### સંસ્કાર પ્રેરક પ્રવચનો સાથે મહિલા પારાયણ યોજાયું

ગાંધીનગર શહેરમાં પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી જ્યોત્સનાબેન હસમુખભાઈ પટેલના નિવાસ સ્થાન બ્લોક નં. ૭૧૭, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧ ખાતે મહિલા પારાયણનું સુંદર આયોજન થઈ ગયું. મહિલા પારાયણમાં સંસ્કાર પ્રેરક પ્રવચનો, કીર્તન ભક્તિ, બોધદાયક સંવાદો સાથે અત્યંત ઉત્સાહસભર કાર્યક્રમો યોજાયા હતા. પારાયણની ફલશ્રુતિ રૂપે બહેનોને પોતાના જીવનમાં સંસ્કાર વૃદ્ધિ કરવાની પ્રેરણા મળી હતી. ભગવાન સ્વામીનારાયણે સમાજ ઉત્કર્ષના ચિંધેલા માર્ગ પર મહિલાઓને જીવન પરિવર્તનની સંસ્કાર સમૃદ્ધિની પ્રેરક વાતો જાણવા મળી હતી. સમગ્ર પારાયણમાં ખૂબ મોટી સંખ્યામાં આબાલવૃદ્ધ મહિલાઓ જોડાઈ હતી અને તેનો લાભ લીધો હતો.

## શહેરમાં બે નવાં સીએનજી ફિલિંગ સ્ટેશનનો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં આજથી બે નવા સી.એન.જી. સ્ટેશન કાર્યરત થતાં શહેરમાં સી.એન.જી. વાહન ધરાવતા વાહનચાલકોને ગેસ પુરાવવા માટે લાંબી કતારોમાંથી ઉભા રહેવું પડતું હતું તેમાંથી છુટકારો મળશે. શહેરમાં સી.એન.જી. વાહનોની સંખ્યા ઘણી વધારે છે. હાલ શહેરમાં માત્ર ચ-૩ પાસે અને સે-૨૧માં સી.એન.જી. સ્ટેશન કાર્યરત છે. જેથી વાહનચાલકોને કલાકો સુધી ગેસ પુરાવા માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે. રાત્રિના સમયે પણ ગેસ પુરાવા માટે આવતા વાહનચાલકોને કતારમાં ઉભા રહેવું પડે જ તેવી પરિસ્થિતિ સર્જાય છે. પરંતુ હવે શહેરના 'ગ' માર્ગ પર સેકટર-૫ અને સેકટર-૨૪માં આજથી બે નવા સીએનજી સ્ટેશન કાર્યરત થતાં શહેરના સીએનજી વાહન ચાલકોને લાઈનમાં ઉભા રહેવામાંથી છુટકારો મળશે. તેમજ શહેરના જુના અને નવા સેકટરમાં વસતા દરેક નાગરિકને આ સી.એન.જી. સ્ટેશનનો લાભ મળશે. જયારે શહેરમાં કુલ ૪ સીએનજી પંપની સંખ્યા થતાં વાહનચાલકો પણ નજીકના સીએનજી પંપ પરથી ગેસ પુરાવી શકશે. તેમજ 'ગ' માર્ગ પરથી પસાર થતાં અન્ય વાહન ચાલકોને પણ ફાયદો થશે. શહેરમાં બે નવા સી.એન.જી. સ્ટેશન શરૂ થતાં સી.એન.જી. વાહનચાલકોમાં આનંદ છવાયો છે.

### આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૫

સંસ્કાર નગરી તરીકે જાણીતા થયેલા આપણા પાટનગર ગાંધીનગરમાં ધાર્મિક કાર્યક્રમો પણ દિવસે દિવસે દીપી રહ્યા છે. આજે ૬ઠ્ઠી જુલાઈએ ગાંધીનગરના આંગણે લીંબચ માતાના મંદિર, સેક્ટર-૧૩-એ, ખાતે બપોરે ૩ થી ૬ કલાકે આનંદનો ગરબો યોજાશે.

વકીલ કૃપાબેન જાની તરફથી બહુચરમાતાના પરમ ભક્ત ભાવનાબેન ગોપલાણીના મુખે આજે આનંદનો ગરબો યોજાશે.

## ગાંધીનગરના મુખ્ય માર્ગો ઉપર નમી ગયેલા વૃક્ષો અને ડાળીઓ અકસ્માત નોંતરશે

ગાંધીનગર, તા. ૫

હરીયાળા નગર તરીકે ખ્યાતિ પામેલા ગાંધીનગરમાં વન વિભાગની ઉદાસીનતા નજરે પડી રહી છે. મુખ્ય માર્ગો ઉપર અતિ ફાલેલા વૃક્ષો અને તેની ડાળીઓ નમી ગઈ છે. જે અતિ વરસાદ કે વાવાઝોડાથી પડી જવાની સંભાવના છે. ત્યારે તંત્રએ પ્રિમોન્સુનની કામગીરી ફક્ત કાગળ ઉપર જ કરી હોય તેવું લાગી રહ્યું છે. સત્વરે આ અંગે સર્વે કરી કામગીરી હાથ નહીં ધરાય તો અકસ્માત સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ ન હોવાનું શહેરીજનો જણાવી રહ્યા છે.

ગાંધીનગરના મુખ્ય માર્ગો જેવા કે ઘ-રોડ, ચ-રોડ, ખ-રોડ, જ-રોડ તથા આંતરિયાળ માર્ગો ઉપર ઘટાદાર વૃક્ષો થઈ ગય છે. આ વૃક્ષો પૈકી અમુક વૃક્ષો અને તેની ડાળીઓ ચિંતાજનક રીતે નમી પડી છે. જેથી ત્યાંથી પસાર થતા વાહનચાલકો તથા રાહદારીઓ આ જોખમથી સાવચેત રહી નીકળી જાય છે.

ચોમાસાની શરૂઆત થાય તે પહેલા વન વિભાગ દ્વારા પ્રિમોન્સુન કામગીરી થતી હોય છે, પરંતુ હાલની સ્થિતિને જોતા આ કામગીરી ફક્ત કાગળ ઉપર જ થઈ હોય તેમ લોકોને લાગી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી શહેરમાં વૃક્ષો, ડાળીઓ અને ઉગી નીકળેલા બીન જરૂરી ઘાસનો કોઈ જ નિકાલ થતો ન હોવાથી શહેર કદરૂપુ દેખાઈ રહ્યું છે. વધુમાં આ અંગે ગંભીરતાથી તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. નમી પડેલા વૃક્ષો અને ડાળીઓનો સત્વરે નિકાલ નહી થાય તો ભારે વરસાદ અને વાવાઝોડા સમયે મોટા અકસ્માત થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

ગાંધીનગરમાં નગર વિકાસ ક્ષેત્રે કે સાફ-સફાઈ બાબતે તંત્રો હરહંમેશ એલર્ટ હોય છે જેના પરિણામ સ્વરૂપ હરીયાળા નગરની ખ્યાતિ મળેલ છે. પરંતુ અમુક ગંભીર બાબતની ઉપેક્ષાએ નગરની છબી ખરડાતી હોવાનું લોકો જણાવી રહ્યા છે.

## રોટરી કલબનો શપથગ્રહણ સમારોહ ૭મીએ યોજાશે





ગાંધીનગર, તા.૫

રોટરી કલબ ઓફ ગાંધીનગરના પદનામિત પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ આગમી તા. ૭મી જુલાઈના રોજ સાંજે ૭.૧૫ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે

રોટરી કલબ ગાંધીનગરના વર્ષ ૨૦૧૩-૧૪ના પ્રમુખ પદે નગરના અગ્રણી ઉદ્યોગપતિ રોટે. શ્રી રાહુલ મહેતા, કલબ ટ્રેનર તરીકે કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશનના સીઈઓ રોટે. શ્રી કમલકિશોર જૈન અને સેક્રેટરીપદે જાણીતા ઉદ્યોગપતિ રોટે. શ્રી એચ.એમ. પટેલની વરણી કરવામાં આવી છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સાબરમતી આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જયેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે જયારે ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે પીડીજી રોટે. ડૉ. શશાંક રાઠોડ ઉપસ્થિત રહેશે.

### વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા રવિવારે કથા તેમજ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૭ જુલાઈના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન અમાસની વિશ્વકર્મા પ્રભુની કથા તથા સાંજે ૮થી ૧૨ કેદારનાથના સ્વર્ગસ્થ યાત્રાળુઓને શ્રદ્ધાંજલિ આપવા શ્રી નરનારાયણ યુવક મંડળ માણેકપુરના ભજન સંધ્યાના કાર્યક્રમનું આયોજન કરેલ છે. તો કાર્યક્રમમાં હાજર રહેવા સંસ્થાના પ્રમુખ બાબુલાલ સુથાર, મંત્રી આર.એસ. ગજ્જરે જણાવેલ છે.

### શહેર જાગૃત નાગરિક પરિષદની ૮મીએ બેઠક

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની જુલાઈ માસની બેઠક સંસ્થના પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષ સ્થાને તા. ૮મી જુલાઈ સોમવારે સેકટર-૨૧માં મહારાષ્ટ્ર ભવન સામે નમન એપાર્ટમેન્ટમાં મળશે. જેમાં શિક્ષણનું સ્તર, મોંઘવારી તથા સ્થાનિક પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.




અમદાવાદ-ગાંધીનગરને જોડતા ઈન્દિરા બ્રિજને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે, જેના ભાગરૂપે બ્રિજ ઉપર તકેદારીનાં પગલાં લેવામાં આવ્યાં છે. (તસવીર : દિપક જાની)

## પ્રેરણા વિદ્યાલયમાં ૬૦ બાળકો ધો. ૧માં પ્રવેશ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૫-એ, ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં ધોરણ-૧ માં ૬૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. પ્રવેશોત્સવના માધ્યમથી શાળામાં પ્રવેશ મેળવતા આ બાળકોને આવકારમાં આવ્યા હતા.

શાળામાં પ્રવેશ મેળવતા ધો. ૧ના ૬૦ વિદ્યાર્થીઓને રાધાકૃષ્ણ મંડળ, સેકટર-૫-એ દ્વારા આવકારવામાં આવ્યા હતા. દરેક બાળકની જય અંબે મંદિરના પરિસરમાં ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આરતી કરી બાળકોને કુમકુમ તિલક સાથે ભેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. રાધાકૃષ્ણ મંડળની મહિલા સભ્યોએ તથા તેના પ્રમુખ નીરૂબેન નાયકે આ પ્રસંગે હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૫

સ્વાતંત્ર્ય સેનાની સ્વ.રણછોડભાઈ નાથાભાઈના પુત્ર વિષ્ણુભાઈ (રાજુભાઈ) પટેલનું ૧લી જુલાઈના રોજ દુઃખદ અવસાન થયું છે. ઉનાવા ગામના વતની સ્વ. વિષ્ણુભાઈ પટેલનું બેસણું ૭મી જુલાઈને રવિવારે સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન બ્લોક નં. ૭૦૭/૧, કિસાનનગર, સેકટર-૨૬, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

### સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિની ચૌધરી કન્યા વિદ્યાલયની રેલી યોજાઈ

ગાંધીનગર સેકટર-૧૪ રેલ્વેસ્ટેશન ખાતે સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓની રેલી યોજાઈ હતી. જેમાં સ્વચ્છતા અભ્યાન તથા જલસેવા વિશે ચાટર્સ બેનર દ્વારા સમજૂતી આપી રેલીને રેલ્વે માસ્ટરે વધાવી હતી. ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રતિનિધિ અનીષભાઈ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને અભિનંદન પાઠવ્યા હતા. હેતલબેન દેસાઈએ આયોજન તથા સફળ સંચાલન કર્યું હતું. આચાર્યા સંતોકબેન ચૌધરીએ શાળા પરિવારે શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ

### પ્રાથમિકમાં જીએસ તરીકે પાર્થ પરમાર અને માધ્યમિકમાં સાબીર મલેક

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરની જીઈબી કોલોનીમાં આવેલી સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં તાજેતરમાં શાળા પંચાયતની રસાકસીભરી ચૂંટણી યોજાઈ હતી. પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં ચૂંટણી દ્વારા જી.એસ. અને એલ.આર. ચૂંટવામાં આવ્યા હતા.

શાળામાં રસાકસીભરી યોજાયેલી ચૂંટણીમાં પ્રાથમિક વિભાગમાં જી.એસ. તરીકે પાર્થ પરમાર અને એલ.આર. તરીકે મૈત્રી પટેલ ચૂંટાયા હતા. હાઈસ્કૂલ વિભાગમાં જી.એસ. તરીકે સાબીરભાઈ મલેકની અને એલ.આર. તરીકે હિરલ પાંડરની જંગી બહુમતીથી જીત થઈ હતી. શાળાના શિક્ષક જયંતિભાઈ પટેલ અને હર્ષદભાઈ ઉપાધ્યાયના સહયોગથી યોજાયેલ ચૂંટણીમાં વર્ગ પ્રતિનિધિઓને પણ ચૂંટવામાં આવ્યા હતા. ધોરણ ૩માં રાહુલ ઠાકોર અને પ્રિયંકા સોલંકી, ધોરણ-૪માં વિજય સિંધા અને ભૂમિ ગોહિલ, ધોરણ-૫માં અદનામ શેખ અને મોહિની પટેલ, ધોરણ-૬માં ચિરાગ પરમાર અને આશિકા પ્રસાદ, ધોરણ-૭માં લક્ષ પરમાર અને નેહા ઠાકોર, ધોરણ-૮માં ધ્રુવ પ્રજાપતિ અને ભૂમિ પારેખ, ધોરણ-૯-એમાં લક્ષ્મીશંકર શુકલ અને ઉર્વશી સિંઘવા, ધોરણ-૯-બીમાં મિલન માવર અને દેવી ચૌધરી, ધોરણ-૧૦-એ માં આકાશ માવર અને દરજી શ્વેતા તથા ધોરણ-૧૦-બીમાં રાહુલ પરમાર અને સુનિલ ભરવાડ ચૂંટાઈ આવ્યા હતા. શાળાના આચાર્યએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૧૯

### તાપમાન

મહત્તમ : ૩૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૯૫ ટકા ● સાંજે ૫૫ ટકા
વરસાદ ૨૪.૫ મીમી

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ધ લોન રેન્જર(હિન્દી) : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ઘનચક્કર : ૧.૧૫

: સ્ક્રીન-૨ :
લૂટેરા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાંઝણા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ફુકરે : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
પોલીસગીરી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫
ઘનચક્કર : ૭.૧૫

**સૂર્યા, વાવોલ**

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મંગલફેરા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
લૂંટેરા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ઘનચક્કર : ૧૦.૩૦, ૭.૦૦
રાંઝણા : ૧.૧૫, ૧૦.૦૦
લૂંટેરા : ૪.૦૦

**ચિરાગ, કલોલ**

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના છે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનના યોગ બની રહ્યા છે નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

**વૃષભ** : શત્રુ પરાસ્ત થઈ શકે છે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન** : વિવાદિત વ્યાપાર-વ્યવસાયિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થશે. પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. અન્ય વ્યક્તિઓ પર વિશ્વાસ મુકતાં પહેલાં વિચાર કરવો. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે.

**સિંહ** : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થશે. ન્યાપાર સારો ચાલશે. આવક- જાવકમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ શકે છે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

**કન્યા** : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓ વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

**તુલા** : કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વ્યાપાર- વ્યવસાય, નોકરી વગેરેમાં આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન યોગ બની રહ્યો છે. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**વૃશ્ચિક** : આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ આવી શકે છે. આજે માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. ધાર્મિક યાત્રાઓનો યોગ પ્રબળ બની રહ્યો છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપાર- વ્યવસાયમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ પર કાર્ય આજે થઈ શકશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે. પરંતુ તમે તેને દુર કરી દ્રઢમનોબળ સાથે તમે આગળ વધશો.

**મકર** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુથી હાની થવાની આશંકા છે. નોકરીમાં ઉચ્ચ અધિકારીઓથી વિવાદ થવાની સંભાવના છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રમાં તમારી ખ્યાતિમાં વધારો થશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્ય થશે. સામાજિકક્ષેત્રમાં સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ કાર્ય થશે. વાહન સુખનો ઉત્તમ યોગ છે.

### ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન રેવનદાસ પ્રજાપતિ(ઉ.વ.૮૫) મુ.પો. ઉનાવા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભીખાભાઈ કચરાભાઈ પ્રજાપતિ(ઉ.વ.૭૯) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પરસોત્તમદાસ આત્મારામ પટેલ(ઉ.વ.૮૫) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કરણજી બહેચરજી ઠાકોર(ઉ.વ.૮૦) મુ.પો. કોલવડા, તા., જિ. ગાંધીનગર.